# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## છઠ્ઠો વાર્ષિક અહેવાલ

## ૨૦૦૪-૦૫

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION

तमसो मा ज्योतिर्गमय ।

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષ માટે
## છઠ્ઠો વાર્ષિક અહેવાલ

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Librery
No.............

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ
અમદાવાદ - ૩૮૦૦૦૯

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૯

**વીજળી અધિનિયમ-૨૦૦૩ની કલમ ૧૦૫ (૨) અન્વયે આવશ્યક, ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ માટે આયોગ છઠ્ઠો વાર્ષિક અહેવાલ રજુ કરે છે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વર્ષ દરમ્યાન કરેલ પ્રવૃત્તિઓનો સારાંશ.**

**પી. એસ. શાહ**
સચિવ
**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ વતી**

# વિષય-સૂચિ


| આમુખ | | પાના નંબર |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવિક | ૧ |
| ૨. | આયોગનો વ્યસ્થાપકીય ચાર્ટ | |
| | ક. આયોગની રચના | ૧ |
| | ખ. આયોગનું સચિવાલય | ૨ |
| | ગ. આયોગનાં માનવ સંસાધનો | ૨ |
| | ઘ. આયોગનો વ્યવસ્થાપકીય ચાર્ટ | ૩ |
| | ચ. આયોગનો પદધારણ આલેખ | ૪ |
| | છ. પૂર્વ-જરૂરી માળખું અને સુવિધાઓ | ૪ |
| ૩. | આયોગનાં કાર્યો | |
| | ક. આયોગનાં કાર્યો | ૫ |
| ૪. | સલાહકાર સમિતિ અને તેનાં કાર્યો | |
| | ક. રાજ્ય સલાહકાર સમિતિ | ૬ |
| ૫. | વર્ષ દરમિયાન પ્રવૃતિઓ | |
| | ક. પ્રશુલ્ક નક્કી કરવું | ૭ |
| | ખ. આયોગે જાહેર કરેલા ચુકાદા અને હુકમો | ૭ |
| | ગ. લાઈસન્સો આપવાં | ૧૪ |
| | ઘ. સેવાની સલામતી, ગુણવત્તા અને વિશ્વસનીયતાને લગતાં ધોરણો સ્થાપતિ કરવાં | ૧૪ |
| | ચ. રાજ્યમાં વિતરણ પરવાનેદારોની પ્રવાહન અને વ્હીલીંગ, વિતરણ, પૂરવઠા અને ઉપયોગ અંગે વીજળી ખરીદી અને પ્રાપ્તિ અંગે નિયંત્રક પ્રવૃત્તિઓ. | ૧૮ |
| | છ. રાજ્ય સરકારને વીજ ઉત્પાદન, પ્રવાહન, પુરવઠા અને વિતરણ પુરવઠા અને ઉપયોગ અંગે સલાહ. | ૧૮ |
| | જ. તકરારો અને મતભેદ અંગે ન્યાય-નિર્ણય | ૧૯ |
| | ઝ. આયોગ દ્વારા બજાવાતાં બીજાં કાર્યો. | ૧૯ |
| ૬. | હિસાબોનું વાર્ષિક પત્રક | ૨૩ |

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## આમુખ

આ અહેવાલમાં ૨૦૦૪-૨૦૦૫ ના વર્ષ દરમ્યાન મુખ્ય પ્રવૃતિઓની રૂપરેખા આપી છે. આયોગે ૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઈઓનું પાલન કરવા અનેક પગલાં લીધાં છે. આ અંગે આયોગે, લગભગ તમામ વિનિયમોની જાહેરાત કરી છે. આ અંગે લોકો, વિવિધ ગ્રાહક જૂથો અને અન્ય સ્ટેક હોલ્ડરો પાસેથી ટીકા-ટિપ્પણ અને સૂચનો મગાવ્યાં છે.

વાર્ષિક અહેવાલમાં પૂરી પાડેલી માહિતી ઉપયોગી બનશે એવી આશા રાખું છું. લોકોના રસ ધરાવતા સભ્યો, આયોગની વેબસાઈટ **www.gercin.org** પરથી વધુ માહિતી મેળવી શકશો.

**સ્થળ : અમદાવાદ.**

**સહી/-**

**જી. સુબ્બારાવ**

**અધ્યક્ષ**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

## ૧. પ્રસ્તાવિક :

ભારતમાં વિદ્યુત નિયંત્રક આયોગોની સંસ્થા, તેની મૂળ રચના માટે કેન્દ્ર અને રાજ્યોના આવા આયોગો માટે જોગવાઈ કરાયેલ ૧૯૯૮ ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમને આભારી છે. આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે ગુજરાત સરકારે નવેમ્બર-૧૯૯૮માં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની સ્થાપના કરી હતી. ૧૯૯૮ નો વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમ, ૨૦૦૩ના વિજળી અધિનિયમ દ્વારા રદ કરવામાં આવ્યો. ૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમની જોગાવાઈઓ હેઠળ રચાયેલ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની, ૨૦૦૩ના ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમની કલમ-૩ની પેટા કલમ (૧) અન્વયે અને ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૮૨ના સંદર્ભમાં સ્થાપના કરી હોવાનું ગણવામાં આવે છે.

આયોગ અર્ધ-અદાલતી સંસ્થા છે જે અધ્યક્ષ અને બે સભ્યોની બનેલી છે. સ્વતંત્ર વિનિયમને લગતા પ્રશ્નો હલ કરતી વખતે બહુ-શિસ્તવિષયક અભિગમની જરૂરિયાત પારખીને અધિનિયમમાં ઠરાવ્યું છે કે અધ્યક્ષ અને સભ્યો, ઈજનેરી, કાયદો, અર્થશાસ્ત્ર, વાણિજ્ય, નાણાં કે વ્યવસ્થા બાબત પુરતી જાણકારી અને અનુભવ ધરાવતી વ્યક્તિઓ હોવી જોઈએ. તેમાં આયોગની સંયુક્ત વિદ્યાશાખાઓનું વ્યાપક પ્રતિનિધિત્વ હોવું જોઈએ એમ પણ ઠરાવ્યું છે. અધિનિયમમાં આયોગના સચિવની નિમણૂંક માટે પણ જોગવાઈ છે.

૨૦૦૩ના વીજળી અધિનિયમમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનું ક્ષેત્ર નોંધપાત્ર પ્રમાણમાં વિસ્તૃત કર્યું છે. ૨૦૦૩ના નવા કાયદાએ વીજળી ક્ષેત્રમાં, કાર્યક્ષમતા અને અર્થવ્યવસ્થાને પુરસ્કૃત કરવાં અને ગ્રાહકોના હિતોના રક્ષણ માટેનું પર્યાવરણ ઉભું કરવા પ્રશુલ્ક નિર્ધારણ ઉપરાંત વિવિધ જવાબદારીઓ / કાર્યો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને સોંપ્યા છે.

## ૨ આયોગનો વ્યવસ્થાપકીય ચાર્ટ :

### ક. આયોગની રચના

૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમિયાન આયોગની રચના નીચે મુજબ હતી. શ્રી જી. સુબ્બારાવ આયોગના અધ્યક્ષ છે અને શ્રી કે.પી. ગુપ્તા અને શ્રી મનમોહન સભ્યો છે. ૩૦ મી માર્ચ-૨૦૦૪ના રોજ આર.કે.શર્મા નિવૃત થતા શ્રી મનમોહન ૧૧ મી મે ૨૦૦૪ના રોજ સભ્ય (ટેકનિકલ) તરીકે આયોગમાં જોડાયા. સભ્ય (ટેકનિકલ) ની જગ્યા ૧૦મી મે, ૨૦૦૪ સુધી ખાલી રહી.

### ખ. આયોગનનું સચિવાલય

શ્રી જી. ડી. વ્યાસ , આઈ.એ.એસ., એ ૩૧ ઓગસ્ટ, ૨૦૦૪ સુધી સચિવનો હવાલો સંભાળ્યો. ૧૫મી સપ્ટેમ્બર ૨૦૦૪ થી શ્રી પી. એસ. શાહ, આઈ.એ.એસ. એ સચિવનો હવાલો સંભાળ્યો.


### ગ. આયોગનાં માનવ સંસાધનો

આયોગ અધિનિયમ હેઠળ ઘણી બહોળી આદેશમૂલક સત્તા ધરાવે છે. પોતાની જવાબદારી બજાવવામાં આયોગની કાર્યક્ષમતાનો આધાર, ઈજનેરી, અર્થશાસ્ત્ર, નાણાકીય-વ્યવસ્થા, હિસાબ પદ્ધતિ, કાયદો, પર્યાવરણ, વ્યવસ્થા માહિતી પ્રણાલી જેવી શાખાઓમાં તેના સ્ટાફની જાણકારી અને અનુભવ પર છે. નીચેના કોઠામાં મંજૂર કરેલો સ્ટાફ અને હાલમાં જે હોદા પર હોય તેની વિગતો દર્શાવે છે.

**કોઠો - ૦૧**

| ક્રમ નં. | જગ્યાનું નામ | મંજૂર થયેલી જગ્યાઓ | ભરેલી જગ્યાઓની સંખ્યા | | | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | પ્રતિનિયુક્તિ પર | કોન્ટ્રાક્ટ પર | કાયમી ધોરણે | |
| ૧. | સચિવ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨. | સંયુક્ત નિયામક | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૩. | કાનૂની સલાહકાર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૪. | નાયબ નિયામક | ૫ | ૨ | ૦ | ૩ | ૦ |
| ૫. | હિસાબ અધિકારી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૬. | માહિતી ટેકનોલોજી મેનેજર | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૭. | અંગત મદદનીશ | ૫ | ૨ | ૦ | ૩ | ૦ |
| ૮. | એકઝીક્યુટીવ | ૬ | ૨ | ૦ | ૨ | ૨ |
| ૯. | ડ્રાઈવર | ૫ | ૦ | ૦ | ૫ | ૦ |
| ૧૦. | પટાવાળા | ૪ | ૦ | ૦ | ૪ | ૦ |

## (ઘ) આયોગનો વ્યવસ્થાપકીય ચાર્ટ :



## (ચ) આયોગનો પદધારણ આલેખ

| ક્રમ નંબર | કર્મચારીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી પી.એસ.શાહ, આઈ.એ.એસ. | સચિવ |
| ૨. | શ્રી એમ.બી.ભલગામા | નાયબ નિયામક (વહીવટ અને હિસાબ) |
| ૩. | શ્રી બી.એસ.જયસ્વાલ | સલાહકાર (કાયદાકીય) |
| ૪. | શ્રી બી.પી.કુંડલીયા | નાયબ નિયામક (નાણાં) |
| ૫. | શ્રી ડી.આર. પરમાર | નાયબ નિયામક (ટેકનિકલ-II) |
| ૬. | શ્રી આર.એચ. શાહ | નાયબ નિયામક (ટેકનિકલ-I) |
| ૭. | શ્રી એસ.આર.પાંડે | નાયબ નિયામક (કાયદાકીય) |
| ૮. | શ્રી એમ. ટી. રાણા | હિસાબી અધિકારી |
| ૯. | શ્રી ડી.આર.પરમાર | એક્ઝીક્યુટીવ |
| ૧૦. | શ્રી ડી.ટી.શાહ | એક્ઝીક્યુટીવ |
| ૧૧. | શ્રી એન.બી.પટેલ | એક્ઝીક્યુટીવ |
| ૧૨. | શ્રીમતી ધરતી એસ. મહેતા | એક્ઝીક્યુટીવ |
| ૧૩. | શ્રી કૃણાલ કાયસ્થ | એક્ઝીક્યુટીવ |
| ૧૪. | શ્રી આર.જી. પિલ્લાઈ | પી.એ. |
| ૧૫. | શ્રી પી.આર. શશી | પી.એ. |
| ૧૬. | શ્રી બેબી વર્ગીસ | પી.એ. |
| ૧૭. | શ્રીમતી પી.એ. ક્રિશ્ચયન | પી.એ. |
| ૧૮. | શ્રી આર.પી.નાયર | પી.એ. |

## (છ) પૂર્વ-જરૂરી માળખું અને સુવિધાઓ

**કચેરીનું મકાન :** આયોગની કચેરી આશ્રમ રોડ પર સાબરમતી નદીના કિનારે ભાડાના મકાનમાં છે. તેમાં કેસોની સુનાવણી અને નિકાલની કાર્યવાહી હાથ ધરવા અદાલતનો ખાસ ખંડ છે. મકાનના વિવિધ બાબતો અને વિષયો પર અનેક પ્રકારનાં પુસ્તકો સાથેનો ખંડ છે. મકાનમાં એક કોન્ફરન્સ રૂમ પણ છે.

**સ્થાનિક વિસ્તારનું નેટવર્ક :** કોઈપણ કાગળો અને અહેવાલોનો સંદર્ભ મેળવવા માટે સ્થાનિક વિસ્તાર નેટવર્ક મારફત આંતરિક વેબસાઈટ સાથે કમિશનના તમામ કોમ્પ્યુટરોને જોડાણ આપવામાં આવ્યું છે.

**કચેરીમાં વિકસાવેલ વેબસાઈટ :** આયોગના સચિવાલય દ્વારા વેબસાઈટ **www.gercin.org** વિકસાવી છે અને કચેરીના મકાનમાં જાળવવામાં આવે છે. વેબસાઈટમાં આયોગના કાર્યો, આયોગ અને સ્ટાફની રૂપરેખા, વિવિધ વિનિયમો, પ્રશુલ્ક આદેશો તથા અન્ય અગત્યના હુકમો, સલાહકારોના અહેવાલો અને વાર્ષિક અહેવાલો, સુનાવણી સમય-પત્રકો અને જોડાણો અંગેની માહિતીનો સમાવેશ થાય છે. વેબસાઈટ જરુરી માહિતી અને વિકાસથી નિયમિત અદ્યતન રાખવામાં આવે છે.

**ગ્રંથાલય :** અલગ ગ્રંથાલય ખંડમાં વિવિધ વિષયો પરનાં પુસ્તકો અને જર્નલો રાખવામાં આવે છે. જે વિનિયમોને લગતા પ્રશ્નો અને વિષયોનો સંદર્ભ જોવામાં કર્મચારીઓને મદદરુપ થાય છે. આયોગ ગ્રંથાલયની કાયદા પાંખને સમૃદ્ધ રાખવા એસસીસી ઓનલાઈન સોફ્ટવેર ગોઠવ્યું છે ભારતની સર્વોચ્ચ અદાલતે આપેલા તમામ આદેશો સોફ્ટવેરમાં ઉપલબ્ધ છે. આયોગે પણ સિંગલ યુઝર લાઈન્સ મેળવ્યું છે. જે દર ત્રણ મહિને સોફ્ટવેર અદ્યતન બનાવવાની સુવિધા પૂરી પાડે છે.

## ૩. આયોગનાં કાર્યો

### આદેશ

૨૦૦૩ના વીજળી અધિનિયમમાં વીજ ઉત્પાદન, પ્રવાહન, વિતરણ, વેપાર અને ઉપયોગને લગતા, અને સામાન્ય રીતે વીજ ઉદ્યોગના વિકાસલક્ષી પગલાં લેવા, તેમાં સ્પર્ધાને પ્રોત્સાહન આપવા, ગ્રાહકોના હિતનું રક્ષણ કરવા તથા તમામ વિસ્તારોને વીજળી પૂરી પાડવા, વીજ-પ્રશુલ્કનું સુયોજન, સહાયકી અંગેની પારદર્શક નીતિઓ સુનિશ્ચિત કરવા, કાર્યક્ષમ અને પર્યાવરણની હિતકારક નિતિઓને ઉત્તેજન, કેન્દ્રિય વીજ-તંત્રની રચના, નિયંત્રક આયોગોની રચના અને અપીલ પંચની સ્થાપનાને લગતા કાયદા એકત્રિત કર્યા છે. તેમાં, ગ્રાહકો તેમજ વીજ પુરવઠાકારોના હિતને લક્ષમાં રાખીને ખુલ્લા, નિષ્પક્ષપાતી, સ્પર્ધાત્મક, બજારલક્ષી પર્યાવરણમાં વીજક્ષેત્રના વિકાસનું સંચાલન કરતા શક્ય માળખાનો વિચાર કરાયો છે.

### આયોગના કાર્યો

**૨૦૦૩ના વીજળી અધિનિયમ મુજબ, આયોગે નીચેનાં કાર્યો બજાવવાના છે. :**

(ક) રાજયની અંદર યથાપ્રસંગ, જથ્થાબંધ મોટાપ્રમાણમાં કે છૂટક વીજળીના ઉત્પાદન, પુરવઠા પ્રવાહન અને વ્હીલીંગ માટે પ્રશુલ્ક નક્કી કરવું. પરંતુ કલમ-૪૨ અન્વયે ગ્રાહકોના જે વર્ગને ખુલ્લા પ્રવેશની છૂટ આપી હોય ત્યાં રાજ્ય આયોગ ઉક્ત વર્ગના ગ્રાહકોને તેના પર વ્હીલીંગ ચાર્જ અને સરચાર્જ, જો કોઈ હોઈ તો, માત્ર તે નક્કી કરશે.

(ખ) રાજ્યની અંદર વિતરણ અને વિતરણ પરવાને દાર અને પુરવઠા માટે વીજળીની ખરીદી અંગે કરાર મારફત વીજ ઉત્પાદન કંપનીઓ કે પરવાને દારો કે અન્ય પ્રાપ્તિ સ્થાનોએથી જે ભાવે વીજળી મેળવવામાં આવશે તે સહિત પરવાનેદારોની વીજળી ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા વિનિયમિત કરવી.

(ગ) આંતર રાજ્ય વીજપ્રવાહન અને વ્હીલીંગની સગવડ કરવી.

(ઘ) પ્રવાહન પરવાનેદાર અને વિતરણ પરવાનેદાર અને વીજ વેપારીઓ તરીકે કામ કરવા

માંગતી વ્યક્તિઓને રાજ્યની અંદર તેમની કામગીરી બાબતમાં લાઈસન્સ આપવા.

(ચ) ગ્રિડ સાથેના જોડાણ માટે યોગ્ય પગલાં લઈને ઉર્જાના નવીકરણપાત્ર સાધનોમાંથી વીજળીના સહઉત્પાદન અને ઉત્પાદનને અનેકોઈપણ વ્યક્તિને વીજળીના વેચાણને ઉત્તેજન આપવું અને આવાં સાધનોમાંથી વીજળીની ખરીદી માટે, વિતરણ લાઈસન્સના ક્ષેત્રમાં વીજળીની કુલ વપરાશની ટકાવારી પણ નિર્દિષ્ટ કરવી.

(છ) પરવાનેદારો અને વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારોનો ન્યાય-નિર્ણય કરવો અને કોઈપણ તકરાર લવાદને સોંપવી.

(જ) આ અધિનિયમના હેતુ માટે ફી વસૂલ કરવી.

(ઝ) કલમ-૭૯ની પેટા કલમ(૧)ના ખંડ (એચ) હેઠળ નિર્દિષ્ટ ગ્રિડ-કોડ સાથે સુસંગત રાજ્ય ગ્રિડ કોડ નિર્દિષ્ટ કરવા.

(ટ) પરવાનેદારોએ સેવાની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વસનીયતા અંગેના ધોરણો નિર્દિષ્ટ કરવા અથવા અમલમાં મૂકવા.

(ઠ) જરૂરી જણાય તો, વીજળીના આંતર-રાજ્ય વેપારમાં વેપારનો માર્જિન નક્કી કરવો.

(ડ) આ અધિનિયમ હેઠળ આયોગને સોંપવામાં આવે તેવા બીજાં કાર્યો કરવાં.

## ૪. સલાહકાર સમિતિ અને તેનાં કાર્યો

### ક. રાજ્ય સલાહકાર સમિતિ

૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ-૮૭ અન્વયે આયોગે ૧૧ સભ્યોની બનેલી રાજ્ય સલાહકાર સમિતિની રચના કરી છે, જેઓ વીજળી ક્ષેત્રે વાણિજ્ય, ઉદ્યોગ, પ્રવાહન, કૃષિ, શ્રમ, સ્થાનિક ગ્રાહકો, બિનસરકારી સંસ્થાઓ અને શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓના હિતનું પ્રતિનિધિત્વ કરશે. સલાહકાર સમિતિનો ઉદ્દેશ આયોગને નીચેની બાબતો અંગે સલાહ આપવાનો છે :

(૧) નીતિ વિષયક પ્રશ્નો

(૨) પરવાનેદારો દ્વારા પૂરી પડાતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને વ્યાપને લગતી બાબતો,

(૩) પરવાનેદાર દ્વારા તેમના લાઈસન્સની શરતો અને આવશ્યક ાઓનું પાલન કરવું

(૪) ગ્રાહક હિતનું રક્ષણ અને

(૫) વીજ પુરવઠો તથા યુટિલિટી દ્વારા કામગીરીનાં એકંદર ધોરણો

### રાજ્ય સલાકાર બેઠક

રાજ્ય સલાહકાર સમિતિની બેઠકો નિયમિત મળી હતી. ૨૦૦૪-૨૦૦૫નાં વર્ષ દરમિયાન ૨૮મી જુલાઈ, ૨૦૦૪ અને ૧ લી ફેબ્રુઆરી ૨૦૦૫ના રોજ એમ બે બેઠકો મળી હતી. રાજ્ય સલાહકાર સમિતિના સભ્યોએ  બેઠકમાં સક્રિયપણે ભાગ લીધો હતો. અગત્યના વિનયમો ઘડતી વખતે સભ્યોએ આયોગને ઉપયોગી સૂચનો કર્યા હતા. અગત્યના વનિયમો ઘડતી વખતે, સભ્યોએ કીમતી સૂચનો કર્યા હતા.

## ૫ વર્ષ દરમિયાન પ્રવૃત્તિઓ

### (ક) પ્રશુલ્ક નક્કી કરવું

**૫ વર્ષ માટે સ્થિર પ્રશુલ્ક**

૧૯૯૮ના વિદ્યુત નિયંત્રક આયોગ અધિનિયમ અન્વયે એપ્રિલ-૧૯૯૯માં આયોગની રચના થતા, ગુજરાત વિદ્યુત બોર્ડે, આયોગની સાથે પ્રશુલ્ક અરજી દાખલ કરી હતી. આયોગે લોકો પાસેથી મંતવ્યો મંગાવીને અને લોકોની સુનાવણી બાદ તેના તા. ૧૦-૧૦-૨૦૦૦ના હુકમથી ગુજરાત વિદ્યુત બોર્ડનું પ્રશુલ્ક નક્કી કર્યું હતું. આયોગે બહાર પાડેલ પ્રશુલ્ક હુકમનો સફળતાપૂર્વક અમલ કરાયો હતો.

સમાન પ્રક્રિયાને અમલમાં મૂકીને, આયોગે રાજ્યમાં કામ કરતી બે ખાનગી વિતરણ યુટિલિટીઓ સૂરત વીજ-કંપની લિમિટેડ અને અમદાવાદ વીજળી કંપની લિમિટેડનું અનુક્રમે ડિસેમ્બર-૨૦૦૧ અને સપ્ટેમ્બર-૨૦૦૨માં પ્રશુલ્ક પણ નક્કી કર્યું હતું.

આયોગે ગુ.વિ.બોર્ડ માટે આ ૨૫ જૂન-૨૦૦૪નો બીજો પ્રશુલ્ક હુકમ કર્યો હતો. હુકમ બહાર પાડ્યા પહેલા આયોગે વિજ-અધિનિયમમાં ઠરાવેલ કાર્યપધ્ધતિ પ્રમાણે કાર્યવાહી અનુસરેલ હતી પ્રશુલ્કમાં કોઈ મોટા ફેરફારો કરાયા ન હતા સિવાય કે ડિમાન્ડ ચાર્જમાં ૫% નો વધારો અને ગ્રામીણ ઘરો માટે પ્રશુલ્ક ઘટાડો કરાયો હતો. આયોગે ૨૫-૬-૨૦૦૪ ના રોજ ગુ.વિ.બોર્ડ માટે બળતણ ખર્ચ સમાયોજન ફોર્મ્યુલા અંગે પણ આદેશ કર્યો હતો.

દરમિયાનમાં વીજળી ક્ષેત્રે એકંદરે પ્રયાસોને કારણે રાજ્યની માલિકીના ગુજરાત વદ્યુત બોર્ડની રોકડ ખાદ્યમાં નોંધપાત્ર ઘાટાડો થયો હતો. આ ઉપરાંત, ખાનગી યુટિલિટીઓ પ્રવાહન અને વિતરણ ખાદ્યમાં નોંધપાત્ર રીતે નિમ્નસ્તરે ઘટાડો કરવામાં સફળ થઈ હતી.

પરિણામે બળતણ અને પરિવહન ખર્ચમાં એકધારા વધારા છતાં, લગભગ છેલ્લાં ૫ વર્ષ માટે રાજ્યમાં વીજળી શુલ્કનું પ્રમાણ સ્થિર રહ્યું હતું.

### (ખ) જાહેર કરેલા ચુકાદા અને કરેલા હુકમો

**વર્ષ દરમિયાન દાવા અરજીઓ (પીટીશન્સ)**

૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમિયાન આયોગે ૧૦૫ દાવા અરજીઓ હાથ ધરી હતી. ૬૩ અરજીઓ આગલા વર્ષથી આગળ ખેંચાયેલીહતી અને ૪૨ અરજીઓ ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન દાખલ કરાઈ કુલ ૧૦૫૫ અરજીઓ પૈકી ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન ૩૯ અરજીઓનો નિકાલ કરાયો હતો. જ્યારે અન્ય સુનાવણીની પ્રક્રિયામાં હતી. ૩૧ ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ આયોગે કુલ ૧૧૫ અરજીઓ હાથ ધરી હતી. કુલ ૧૧૫ અરજીઓ પૈકી ૫૮ અરજીઓનો નિકાલ કરાયો હતો. અરજીઓની વિગતો કોઠા - ૦૨ અને ૦૩માં દર્શાવવામાં આવી છે.

૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમિયાન આયોગના હુકમ સામે ફક્ત એક અપીલ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાઈ હતી.

**કોઠો - ૦૨**

**૩૧મી ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ દાખલ કરાયેલ અરજીઓની સ્થિતિ**

| આગલા વર્ષની આગળ ખેંચેલી(૨૦૦૩-૨૦૦૪) | મળેલ અરજીઓની સંખ્યા (એપ્રિલ-૦૪ થી ઓક્ટોબર-૦૫ | કુલ | નિકાલ કર્યો (એપ્રિલ-૦૪ થી ઓક્ટોબર-૦૫ | ૩૧-૧૦-૨૦૦૫ ના રોજ નિકાલ બાકી |
|---|---|---|---|---|
| ૬૩ | ૫૨ | ૧૧૫ | ૫૮ | ૫૭ |

કોઠો - ૦૩

૦ ૩૧મી ઓક્ટોબર, ૨૦૦૫ની સ્થિતિએ નિકાલ કરાયેલ અરજીઓની વિગતો

| ક્રમ | અરજી નંબર | અરજી દાખલ કરનારનું નામ | વિષય |
|---|---|---|---|
| ૧ | ૩૮/૦૧ | સી.ઈ.આર.એસ. | ગુ.વિ.બોર્ડના પી.પી. એ. અને આઈ.પી.પી. રદબાતલ જાહેર કરવા અને સમાન્ય લોકો માટે ખુલ્લા કરવા બાબત |
| ૨ | ૪૨/૦૧ | સી.ઈ.આર.એસ. | ગુ.વિ.બોર્ડના પી.પી. એ. અને આઈ.પી.પી. રદબાતલ જાહેર કરવા અને સામાન્ય લોકો માટે ખુલ્લા કરવા બાબત |
| ૩ | ૮૯/૦૨ | સી.ઈ.આર.એસ. | ૧૯૯૮ના વીજળી અધિનિયમ અન્વયે સી.ઈ.આર.એસ.ને માન્યતા. |
| ૪ | ૧૦૦/૦૩ | એસ.ડી.ઓક્સિજન, ભાવનગર | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૫ | ૧૦૧/૦૩ | પારસ શિપ બ્રેકર્સ લી. (રોલિંગ મિલ) | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૬ | ૧૦૨/૦૩ | શ્રી.એન.બી.ઓક્સિજન ભાવનગર | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૭ | ૧૦૩/૦૩ | શ્રી ખોડિયાર રોલિંગ મિલ, ભાવનગર | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૮ | ૧૦૪/૦૩ | હિરેન ઈન્ડ્રસ્ટ્રીઝ ગેસ સપ્લાયર્સ પ્રા. લિમિટેડ, (ઈન્ડક્ષન ફર્નેસ) | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૯ | ૧૦૬/૦૩ | પારસ શિપ બ્રેકર્સ લિમિટેડ, (ઈન્ડક્ષન ફર્નેસ) | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૧૦ | ૧૦૭/૦૩ | પદ્માવતી ઓક્સિજન, ભરૂચ | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૧૧ | ૧૦૮/૦૩ | પાનોલી ઓક્સિજન, ભરૂચ | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૧૨ | ૧૨૧/૦૩ | અમદાવાદ ઈલેક્ટ્રિસિટી કંપની | વીજળી પ્રાપ્તિની મંજૂરી માટે |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | ૧૨૯/૦૩ | સી.ઈ.આર.એસ. | બી.એસ.એન.એલ ના કર્મચારીઓના સમસ્તરે ખોદાણ કામ વખતે વીજ-લગત થતા પ્રાણઘાતક અકસ્માતો બાબત |
| ૧૪ | ૧૩૪/૦૩ | ગુજરાત વિદ્યુત બોર્ડ | ગુજરાત વિદ્યુત બોર્ડ પૂરી પાડેલ વીજળીના જુદા-જુદા પ્રકારના ગ્રાહકો માટે છૂટક પ્રશુલ્ક દર નક્કી કરવા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે ૧૯/૧૯૯૯માં પસાર કરેલ તા. ૧૦-૧૦-૨૦૦૦નો પ્રશુલ્ક હુકમ અને ગુ.વિ.બોર્ડને કાર્યક્ષમતા સુધારણા માટે આપેલી સૂચનાઓ. |
| ૧૫ | ૧૩૫/૦૩ | ગુજરાત વિદ્યુ બોર્ડ | નાણાકીય વર્ષ ૨૦૦૧-૨૦૦૨, અને ૨૦૦૨-૨૦૦૩ માટે વિદ્યુત બોર્ડના ખર્ચ અને આવકની સમીક્ષા અને સુધારણા. ગુજારાત વિદ્યુતબોર્ડ તેના તા. ૧૮-૮-૨૦૦૪ પત્ર અન્વયે અરજી નં. ૧૩૫ પાછી ખેચી હતી. |
| ૧૬ | ૧૩૮/૦૩ | ઈ.આર.ડી.એ. | સંશોધન માટે રાખેલ **HT** જોડાણ માટે પ્રશુલ્ક નક્કી કરવું. |
| ૧૭ | ૨૫૦/૦૩ | જય રિસર્ચ ફાઉન્ડેશન | સંશોધન માટે રાખેલ **HT** જોડાણ માટે પ્રશુલ્ક નક્કી કરવું. |
| ૧૮ | ૨૫૨/૦૩ | ગુજરાત વિદ્યુત બોર્ડ | બળતણ-ભાવ અને વીજળી ખરીદી સમાયોજન હુકમ. |
| ૧૯ | ૨૫૩/૦૩ | ગુજરાત વિદ્યુત બોર્ડ | **HTP - I** અને **II** પ્રશુલ્ક અન્વયે બિલ કરતા **HT** ઉદ્યોગ અને વાણિજિયક જોડાણ માટે ખાસ પ્રોત્સાહન યોજના. |
| ૨૦ | ૨૫૯/૦૩ | ગુજરાત વિદ્યુત બોર્ડ | ગુ.વિ.બોર્ડ ગ્રિડની સમાંતરે ચાલતા કેપ્ટિવ વીજ-પ્લાન્ટ માટે સમાંતર કામગીરી ચાર્જ નાંખવો. |
| ૨૧ | ૨૯૨/૦૩ | ગુજરાત વિદ્યુત બોર્ડ | ગુજરાત વિદ્યુત બોર્ડની મહેસૂલી જરૂરિયાત અને પ્રશુલ્ક દરખાસ્તનું સુયોજન |
| ૨૨ | ૮૦૨/૦૪ | ડાયમન્ડ એન્ડ જેમ ડેવલપમેન્ટ કોર્પોરેશન | એસ.એસ.ઈ.ઝેડની અંદર ગુ.વિ.બોર્ડ વીજળીની વહેંચણી માટે મંજૂરી અને ગુ.વિ.બોર્ડ પ્રશુલ્ક દર ઈ.એલ. I (એ) લાગુ પાડવા બાબત. |
| ૨૩ | ૮૦૮/૦૪ | રાધે ડેવલપર્સ | એ.ઈ.કંપની લિમિટેડ લાંબા સમય સુધી અયોગ્ય રીતે પુરવઠો આપ્યો હતો ને વચગાળાની રાહત બાકી હતી. |
| ૨૪ | ૮૧૫/૦૪ | ગુજરાત વિદ્યુત બોર્ડ | રાત્રિ પ્રશુલ્ક **HTP IV** લાગુ પાડવા પાત્ર અને **HTP IV** પ્રશુલ્કને બદલે **HTP-I** અનુસાર ન્યુનતમ ચાર્જ નાખવો. |
| ૨૫ | ૮૧૭/૦૪ | ઓલ ઈન્ડિયા ઈન્ડક્ષન ફર્નેસ એસોસિયેશન અમદાવાદ. | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP IV** પ્રશુલ્ક અન્વયે વાજબી પ્રશુલ્ક નક્કી કરવું. |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | ૮૧૮/૦૪ | શ્રી ઈલેકટ્રોમેલ્ટસ લિમિટેડ | **HTP IV** પ્રશુલ્ક અન્વયે કરાર માગ કરતા અધિકતમ માગ ૫% વધીજાય ત્યારે વીજળી પ્રશુલ્ક નક્કી કરવું. |
| ૨૭ | ૮૧૯/૦૪ | એન.એમ. પઠાણ | લાગુ ન પડતુ હોઈ પાછું મોકલ્યું |
| ૨૮ | ૮૨૦/૦૪ | આઈ. આર. ભટ્ટ | પ્રશુલ્ક વર્ગ બદલવા માટે |
| ૨૯ | ૮૨૩/૦૪ | એસ.ઈ.સી.ગુ.વિ.બોર્ડ, ગુજરાત સરકાર(ઈપીડી) | એસઈસી લિમિટેડના ગ્રાહકો માટે એફસીએ ફોર્મ્યુલાને મંજૂરી. |
| ૩૦ | ૮૨૫/૦૪ | ગુજરાત સરકાર | કૃષિ ગ્રાહકો માટે પ્રશુલ્ક. |
| ૩૧ | ૮૨૬/૦૪ | નરોડા ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન | સમજૂતિની મુદત પૂરી થઈ ગયા પછી પણ વીજ-બોજમાં ઘટાડાની માગણી કરાઈ હોવાથી ગ્રાહકના ખર્ચે સી.ટી.પી.ટી બદલવા માગણી. |
| ૩૨ | ૮૨૭/૦૪ | ગુજરાત સરકાર | કૃષિ ગ્રાહકો માટે પ્રશુલ્ક. |
| ૩૩ | ૮૨૮/૦૪ | એન ડી ડી બી | પ્રશુલ્ક પ્રકાર **HTP-I** માંથી બદલીને **HTP -IIA** કરવો. |
| ૩૪ | ૮૩૧/૦૪ | મિરોલી પિયત સહકારી મંડળી | અરજી નં. ૨૯૨/૨૦૦૩માં રિવ્યુ અરજી. |
| ૩૫ | ૮૩૨/૦૪ | ગુ.વિ.બોર્ડ | પી.પી.એ માટે ગુ.વિ.બોર્ડ અને અ.ઈ.કંપની વચ્ચે સમજૂતિ. |
| ૩૬ | ૮૩૪/૦૪ | સુરત ઈલે.કું., ગુ.વિ.બોર્ડ ગુજરાતસરકાર(ઈ.પી.ડી.) | સુરત ઈલે. કું. લિમિટેડના ગ્રાહકો માટે એફ.સી.એ. ફોર્મ્યુલાની મંજૂરી. |
| ૩૭ | ૮૩૫/૦૪ | એન.એમ. શુકલ | કાયદાના આદેશો નહીં પાળવા બદલ પરવાનેદાર સામે કાર્યવાહી. |
| ૩૮ | ૮૩૭/૦૪ | ગાર્ડન સિલ્ક મિલ્સ લિમિટેડ | જૂથ કંપનીઓ દ્વારા વધારાની વીજળીનો ઉપયોગ. |
| ૩૯ | ૮૪૪/૦૫ | ઈન્ડિયન રેયોન એન્ડ ઈન્ડસ્ટ્રીઝ | પ્રશુલ્ક **HTP-I** ને બદલે **HTP-II( A)** અનુસાર અણધાર્યા બિલો મોકવા. |
| ૪૦ | ૫૪/૦૧ | ભાવનગર જીલ્લા લઘુ ઉદ્યોગ એસોસિયેશન | ગુ.વિ.બોર્ડ પરિસ્થિતિ સુધારવા અને વીજળી પુરવઠા માટે પરચૂરણ ખર્ચ. |
| ૪૧ | ૮૪/૦૨ | ભારતીય કિસાન સંઘ | અગાઉથી ઓછામાં ઓછા મહિના પહેલા સમય-પત્રક જાહેર કરવા ખેતી વિષયક જોડાણ માટે નિતિ ઘડવી. |
| ૪૨ | ૮૫/૦૨ | ભારતીય કિસાન સંઘ | એગ્રિકલ્ચર નોર્મલ, એન.ડી. યોજના માટે નીતિ ઘડવા બાબત. |
| ૪૩ | ૮૬/૦૨ | ભારતીય કિસાન સંઘ | લાંબા સમયથી રાહ જોવાતી એજી નોર્મલ અને એન ડી યોજનાના નિકાલ માટે નીતિ ઘડવા બાબત. |

| | | | |
|---|---|---|---|
| ૪૪ | ૮૭/૦૨ | ભારતીય કિસાન સંઘ | ગુ.વિ.બોર્ડ દ્વારા વિવિધ હેતુઓ માટે અપાયેલ ચુકવણી અંદાજોની અધિકતમ સમય-મર્યાદા નિયત કરવા કૃષિ ગ્રાહકો માટે નીતિ ઘડી કાઢવી. |
| ૪૫ | ૯૪/૦૨ | ભારતીય કિસાન સંઘ | વીજળી-કાપ નીતિ ઘડવા બાબત. |
| ૪૬ | ૯૮/૦૩ | એ.એમ.ઈસ્પાત લિમિટેડ | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP-IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૪૭ | ૯૯/૦૩ | કેયુર ઈસ્પાત લિ. | અધિકતમ માગ, કરાર માગ કરતાં ૫% વધી જાય ત્યારે **HTP-IV** પ્રશુલ્ક લાગુ પાડવા બાબત. |
| ૪૮ | ૧૨૦/૦૩ | એ.આઈ.એ. એન્જિનિયરિંગ પ્રા.લી | જૂથ એકમોને ડિસેમ્બર-૧૯૯૮થી માર્ચ-૧૯૯૯ સીધી **HTP-IV** પ્રશુલ્ક રિફંડ મંજૂર કરવું/આપવું. |
| ૪૯ | ૧૩૯/૦૩ | ભારતીય કિસાન સંઘ | બ્રેક ઈવન ચાર્જ અટકાવવા અને નાબૂદ કરવા તથા તેનું રિફંડ અપાવવું. |
| ૫૦ | ૨૫૭/૦૩ | ગેરિસન એન્જિનિયર (સ્વતંત્ર) એર ફોર્સ | વધુ માગણા ચાર્જ નાખવો. |
| ૫૧ | ૨૫૮/૦૩ | તેરાપંથ ફુડ્સ લિમિટેડ | ટી ઓ યુ ની વધુ વસૂલાત, ખર્ચ પરના વ્યાજ સાથે પરત કરવી. |
| ૫૨ | ૭૯૯/૦૪ | ગુજરાત વિદ્યુત બોર્ડ | વેપાર લાઈસન્સ આપવું. |
| ૫૩ | ૮૨૯/૦૪ | ગુજરાત ગેસ કંપની લી. | ગુ.વિ.બોર્ડને **HTP-II A** દરને બદલે **HTP-I** લાગુ પાડવા આદેશ આપવા. |
| ૫૪ | ૮૩૦/૦૪ | માયાબેન રામદાસ તિવારી | અંદાજી રકમ ચૂકવ્યા છતાં સિંગલ ફેઝ જોડાણ કરાયું ન હતું. |
| ૫૫ | ૮૪૨/૦૫ | સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન | વધારેલાં વીજળી બિલની વસૂલાત અટકાવવા ગુ.વિ.બોર્ડને આદેશ આપવા. |
| ૫૬ | ૮૪૩/૦૫ | ઈન્ડિયન રેયોન એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ | જૂથ કંપનીઓમાંથી વીજળીનું વ્હીલીંગ...ખુલ્લા પ્રવેશના ગ્રાહકની સ્થિતિ માટે.. |
| ૫૭ | ૮૫૧/૦૫ | સ્ટીલકાસ્ટ લિમિટેડ | ચાલુ ૧૧ કેવી પુરવઠા પર કરાર-માગમાં સીમાંત વધારો. |
| ૫૮ | ૮૫૪/૦૫ | એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ ગુજરાત સરકાર. | ટી.પી.એ.ઈ.સી. ના કૃષિ ગ્રાહકો માટે પ્રશુલ્ક. |

→ **વર્ષ દરમિયાન વીજળી નિરીક્ષકના હુકમ સામે આયોગ દ્વારા કરાયેલ સુનાવણી**

૨૦૦૪-૨૦૦૫ ના વર્ષ દરમિયાન આયોગે ૩૧ અપીલો હાથ ધરી હતી. ૧૩ અપીલો આગલા વર્ષની આગળ ખેંચી હતી અને ૧૮ અપીલો ૨૦૦૪-૦૫ દરમિયાન દાખલ કરાઈ હતી. કુલ અપીલમાંથી ૭ અપીલોનો ૨૦૦૪-૦૫ દરમિયાન નિકાલ કરાયો હતો. આયોગે ૩૧ ઓક્ટોબર, ૨૦૦૫ સુધી કુલ ૩૯ અપીલો હાથ ધરી હતી. આ ૩૯ અપીલો પૈકી ૧૦ અપીલોનો નિકાલ કરાયો હતો. અપીલની વિગતો કોઠા-૪ અને ૫ માં દર્શાવી છે.

**કોઠા-૦૪**

૩૧ ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ ગુજરાત નિયંત્રક આયોગ સમક્ષ

દાખલ કરાયેલી અપીલોની સ્થિતિ

| આગલા વર્ષની આગળ ખેંચેલી(૨૦૦૩-૨૦૦૪) | મળેલ અપીલોની સંખ્યા (એપ્રિલ-૦૪ થી ઓક્ટોબર-૦૫ | સરવાળો | નિકાલ કરેલ (એપ્રિલ-૦૪ થી ઓક્ટોબર-૦૫ | ૩૧-૧૦-૨૦૦૫ ના રોજ બાકી |
|---|---|---|---|---|
| ૧૩ | ૨૬ | ૩૯ | ૧૦ | ૨૯ |

**કોઠો-૦૫**

વીજળી નિરીક્ષકના હુકમ સામેની નિકાલ કરેલી અપીલોની વિગતો

| ક્રમ | અરજી નંબર | દાખલ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૧. | ૦૪/૦૩ | ગુ.વિ.બોર્ડ, ધોળકા | ૨૦૦૩ના વીજળી અધિનિયમની કલમ ૬૭ અન્વયે અપીલ. |
| ૨. | ૦૯/૦૩ | ગુ.વિ.બોર્ડ, જૂનાગઢ | વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ. |
| ૩. | ૧૧/૦૩ | ગુ.વિ.બોર્ડ, અંજાર | ધીમા મીટરના યુનિટના તફાવત માટે પૂરક બિલ. |
| ૪. | ૧૩/૦૪ | રાજ મિનરલ | વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ. |
| ૫. | ૧૪/૦૪ | પી.એમ.પટેલ | વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ. |
| ૬. | ૧૫/૦૪ | ગુ.વિ.બોર્ડ, જૂનાગઢ | વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ. |
| ૭. | ૧૭/૦૪ | ઓતામલ એચ. | વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ. |
| ૮. | ૦૫/૦૩ | અશ્વિન સ્ટિલ ઈન્ડ. | વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ. |
| ૯. | ૧૬/૦૪ | ગુ.વિ.બોર્ડ, વલસાડ | વીજળી નિરીક્ષકના હુકમ સામે અપીલ. |
| ૧૦. | ૩૦/૦૫ | આરતી ઓર્ગેનિક્સ | એ.ઈ.કંપની દ્વારા ખોટાં આકારેલાં બિલો અને હાઈકોર્ટનો ૩૦/૧૨/૨૦૦૪નો હુકમ. |

ગ) **લાઈસન્સ આપવાં :**

૨૦૦૩ વીજળી અધિનિયમની કલમ(૧૪) અન્વયે, રદ થયેલા કાયદા કે કોઈપણ નિર્દિષ્ટ અધિનિયમની જોગવાઈઓ હેઠળ વીજળી પ્રવાહન કે પુરવઠાના ધંધામાં રોકાયેલી કોઈપણ વ્યક્તિને પરવાનેદાર ગણવી. ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન કોઈ નવો પરવાનો આપવામાં આવ્યો ન હતો અને હયાત પરવાનેદાર તથા માની લીધેલા પરવાનેદારને ચાલુ રાખવામાં આવ્યા હતા.

ઘ) **ધોરણો અને વિનિયમો નક્કી કરવા :**

**વિનિયમો, સંહિતા અને ધોરણો**

**૧. વિનિયમો, સંહિતા અને ધોરણોના મુસદ્દા**

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વિવિધ વિનિયમોના મુસદ્દા તૈયાર કર્યા હતા. આ મુસદ્દારુપ વિનિયમો વિવિધ સ્ટેક હોલ્ડરોમાં પરિપત્રિત કર્યા હતા અને ટીકાટિપ્પણ તથા સૂચનો મંગાવવા માટે વેબસાઈટ પર અપલોડ કર્યા હતા. આયોગે મુસદ્દારુપ વિનિયમો માટે સામાન્ય લોકો પાસેથી ટીકા-ટિપ્પણો અને સૂચનો મંગાવવા વિવિધ અગ્રેસર વર્તમાનપત્રોમાં જાહેર નોટિસ આપી હતી.

**૨. વિનિયમોના જાહેરનામા**

વિવિધ સ્ટેક હોલ્ડરો પાસેથી મળેલાં સૂચનો વિચારણામાં લીધા પછી, આયોગે ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૧૭ વિનિયમો જાહેર કર્યા હતા. ૨૦૦૪-૦૫ દરમ્યાન જાહેર કરેલ વિનિયમો અને તેની સંક્ષિપ્ત રુપરેખા નીચે આપી છે.

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Library
Acc. No............

# જાહેરનામાની યાદી

૧. **૨૦૦૪નો વિનિયમ નં. ૨ વેપાર સંચાલન વિનિયમો (જાહેરનામું તા. ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૪)**

આયોગે વેપારની લેવડ દેવડ અંગેની કાર્યપદ્ધતિઓનો સમાવેશ કરતા વેપાર સંચાલન વિનિયમો ઘડ્યા હતા.

૨. **૨૦૦૪નો વિનિયમ નં. ૩ ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ઓમ્બડ્સમેનની સ્થાપના (જાહેરનામાની તારીખ : ૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૪)**

આ વિનિયમો, ફોરમના હુકમો સામે અપીલ-તંત્ર તરીકે ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ગુજરાત રાજ્યમાં ઓમ્બડ્સમેનની નિમણૂંક અને કામગીરીની જોગવાઈ કરી છે.

૩. **૨૦૦૪નો વિનિમય નં. ૪ ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમની સ્થાપના (જાહેરનામું ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૪)**

આ વિનિમય, દરેક વિતરણ પરવાનેદારે, ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે ફોરમની સ્થાપના અંગે માર્ગદર્શક સૂચનાઓ નિર્દિષ્ટ કરે છે.

૪. **૨૦૦૪ના વિનિમય નં.૫ ગ્રિડ કોડ (જાહેરનામું તારીખ ૨૫મી ઓગષ્ટ, ૨૦૦૪)**

આયોગે ગુજરાત વીજળી ગ્રિડ કોડની રચના કરી છે. ગ્રિડ કોડ, માત્ર રાજ્યના પાવર ગ્રિડને લાગુ પડે છે. આંતર રાજ્ય પ્રવાહન માટે, ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી ગ્રિડ કોડ લાગુ પડશે. રાજ્ય પ્રવાહન યુટિલીટી/પ્રવાહન પરવાનેદારો અને તે સિસ્ટમ સાથે સંકળાયેલ બધા વપરાશકર્તાઓને તેમની ટેકનિકલ અને કાર્યપધ્ધતિ વિષયક જવાબદારીઓ નિર્દિષ્ટ કરીને, કાર્યક્ષમ, સંકલિત અને કરકસરયુક્ત ગુજરાત પાવર ગ્રિડના વિકાસ સંચાલન અને જાળવણીની સગવડ કરવા ગ્રિડ કોડ તૈયાર કરવામાં આવ્યો છે. તે બિન-ભેદભાવ યુક્ત બનવા માંગે છે અને વીજ પુરવઠાને સાંકળમાં ઈન્ટરફેસ કોઈપણ નબળાઈથી મુક્ત હોવાનું સુનિશ્ચિત કરે છે.

૫. **૨૦૦૪નો વિનિયમ નં. ૬ : વિતરણ સંહિતા - (જાહેરનામા તારીખ ૨૫ મી ઓગષ્ટ, ૨૦૦૪)**

વિતરણ સંહિતામાં, પરવાનેદારોની સેવાની ગુણવત્તા, સાતત્ય, વિશ્વસનીયતા અને વીજળી અને વીજળી વિતરણ પરવાનેદારની વિતરણ પ્રણાલી પર અસર ધરાવતા વીજ પુરવઠાના ટેકનિકલ પાસાંની છણાવટ કરી છે. તેમાં પ્રણાલીના આયોજન અને સંચાલનમાં વિતરણ પરવાનેદારો અને વપરાશકર્તાઓના અધિકારો અને જવાબદારીઓ નિર્દિષ્ટ કરી છે.

૬. **૨૦૦૫નો વિનિયમ નં. ૧ : અપીલ તંત્ર સમક્ષ અપીલ દાખલ કરવાની કાર્યપદ્ધતિના વિનિયમો (જાહેરનામા તારીખ ૭ મી જાન્યુઆરી, ૨૦૦૫)**

આ વિનિયમમાં અપીલ તંત્ર (વીજળી નિરીક્ષક) સમક્ષ ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ ૧૨૭ અન્વયે અપીલ દાખલ કરવાની કાર્યપધ્ધતિ નિર્દિષ્ટ કરવામાં આવી છે.

૭. **૨૦૦૫ના વિનિયમ નં.૨ : પ્રવાહન માટે લાઈસન્સ આપવું. (જાહેરનામા તારીખ ૩૦ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં લાયકાત ઠરાવતી જરૂરીયાતો, લાઈસન્સ માટે અરજી કરવાની કાર્યપધ્ધતિ અને પ્રવાહન લાઈસન્સ મેળવવાની શરતોની જોગવાઈ કરી છે.

૮. **૨૦૦૫નો વિનિયમ નં. ૩ : વીજલી વેપારનું લાઈસન્સ આપવું (જાહેરનામા તારીખ ૩૦ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં વેપાર લાયસન્સ મેળવવા લાયકાત ઠરાવતી જરૂરિયાતો, આંતર-રાજ્ય વેપાર માટે લાયસન્સ આપવાની કાર્યપધ્ધતિ અને શરતોની જોગવાઈ કરી છે.

૯. **૨૦૦૫ નો વિનિયમ નં. ૪ : વીજળી વિતરણનું લાઈસન્સ આપવું (જાહેરનામા તારીખ ૩૦ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં વિતરણ લાઈસન્સ માટે લાયકાત ધરાવતી જરૂરિયાતો, વિતરણ લાઈસન્સ આપવાની કાર્યપધ્ધતિ અને શરતોની જોગવાઈ છે.

૧૦. **૨૦૦૫ નો વિનિયમ નં. ૫ : એસ.એલ.ડી.સી. વિનિયમો દ્વારા ફી અને ખર્ચ નાખવા અને વસૂલ કરવા (જાહેરનામા તારીખ ૩૦ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં એસ.એલ.ડી.સીને ચૂકવવાના ફી અને ખર્ચ નાખવા અને વસૂલ કરવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ નિર્દિષ્ટ કરી છે.

૧૧. **૨૦૦૫નો વિનિયમ નં. ૬ : ફી, દંડ અને ચાર્જ વિનિયમો (જાહેરનામા તારીખ ૩૦ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં અધિનિયમો, નિયમો, અધિનિયમ હેઠળ ઘડેલા વિનિયમો કે સંહિતા, આયોગની સૂચનાઓ કે આદેશોનું પાલન નહીં કરવા માટે કે ઉલ્લંઘન બદલ દંડ અને ચાર્જ નાખવા તથા ફી વસૂલ કરવાની કાર્ય પધ્ધતિની જોગવાઈ કરી છે.

૧૨. **૨૦૦૫ નો વિનિયમ નં. ૭ : વીજ પ્રણાલી વ્યવસ્થા ધોરણો (જાહેરનામા તારીખ ૩૦ મી માર્ચ, ૨૦૦૫)**

આ ધોરણો, વીજ-ઉત્પાદન, વીજ પ્રવાહન અને વીજ-વિતરણ સહિત વીજ-પ્રણાલી સંચાલન અને વ્યવસ્થા માટે માર્ગદર્શન સૂચનાઓ પૂરી પાડવા માટે છે અને તે ગ્રિડ સંહિતા / કોડને પૂરક બનશે.

૧૩. **૨૦૦૫ નો વિનિયમ નં. ૮ : જામીન અનામત વિનિયમો (જાહેરનામા તારીખ ૩૧ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં પરવાનેદારે પૂરી પાડેલી / પૂરી પાડવાની વીજળી માટે જામીન અનામત વસૂલ કરવાની કાર્યપધ્ધતિની જોગાવાઈ કરી છે.

**૧૪. ૨૦૦૫ નો વિનિયમ નં. ૯ : વીજ પુરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારની સત્તા (જાહેરનામા તારીખ ૩૧ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં પરવાનેદારે વીજ પુરવઠો પૂરો પાડવા કરેલું ખર્ચ તથા અન્ય પ્રકીર્ણ ખર્ચની વસૂલાત કરવાની કાર્યપધ્ધતિઓ અને રીત નિર્દિષ્ટ કરી છે.

**૧૫. ૨૦૦૫ નો વિનિયમ નં. ૧૦ : વિતરણ પરવાનેદારની કામગીરીનાં ધોરણો (જાહેરનામા તારીખ ૩૧ માર્ચ, ૨૦૦૫)**

ગુણવત્તાવાળો અને ભરોસાપાત્ર વીજ પુરવઠો, ગુણવત્તાવાળી સેવા અને સુરક્ષા પૂરા પાડવા તથા કામગીરી ધોરણોનું પાલન ન કરવા બદલ વળતરની જોગવાઈ કરતાં ધોરણો નિર્દિષ્ટ કર્યા છે.

**૧૬. ૨૦૦૫નો વિનિયમ નં. ૧૧ વીજપુરવઠા સંહિતા અને અનુષાંગિક બાબતો (જાહેરનામા તારીખ ૩૧ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં વીજ પુરવઠો પુરો પાડવાની કાર્યપધ્ધતિ, ગ્રાહક અને પુરવઠા પ્રણાલીનું વર્ગીકરણ, મીટર વ્યવસ્થા અને વીજળી પૂરી પાડવાનું ખર્ચ, ગ્રાહકના મકાનમાં સાધનો, નિયંત્રણો અને સામાન્ય જોગવાઈઓ કરી છે.

**૧૭. ૨૦૦૫ નો વિનિયમ નં. ૧૨ : પ્રશુલ્કની શરતો (જાહેરનામા તારીખ ૩૧ મી માર્ચ, ૨૦૦૫)**

આ વિનિયમમાં વીજ-ઉત્પાદન, પ્રવાહન અને છૂટક પુરવઠા માટે પ્રશુલ્ક નક્કી કરવા અંગેની શરતો વિગતે દર્શાવી છે.

## → મુસદ્દા તબક્કા હેઠળ વિનિયમો :

**★ ખુલ્લા પ્રવેશના વિનિયમો (૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૨૯ મી સપ્ટેમ્બરે જાહેર કરેલ)**

આ વિનિયમો, રાજ્યમાં આંતરરાજ્ય પ્રવાહન પ્રણાલી અને / અથવા વિતરણ પ્રણાલીના ઉપયોગ માટે ખુલ્લા પ્રવેશને તેમજ આવી પ્રણાલી, આંતરરાજ્ય પ્રવાહન પ્રણાલીના સંયોજનમાં વપરાય ત્યારે લાગુ પડશે.

**★ વિતરણ પરવાનેદાર દ્વારા સહ-ઉત્પાદન (કો-જનરેશન) અને નવીકરણપાત્ર સાધનોમાંથી વીજળીની પ્રાપ્તિ : (૨૦૦૫-૦૬ના વર્ષમાં ૨૯ મી ઓક્ટોબરે જાહેર કરેલ)**

આ વિનિયમમાં નવીકરણપાત્ર સાધનોમાંથી પ્રાપ્ત વીજળીનું કોઈપણ વ્યક્તિને વેચાણ કરવા અને ગુજરાત રાજ્યમાં વિતરણ પરવાનેદાર દ્વારા નવીકરણપાત્ર સાધનોમાંથી વીજળી પ્રાપ્તિને પ્રોત્સાહન આપવાની જોગવાઈઓ નિર્દિષ્ટ કરી છે.

★ **સલાહકારની નિમણૂંક અંગે વિનિયમ : (૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૨૯ મી ઓક્ટોબર જાહેર કરેલ)**

આયોગના કર્મચારી વર્ગમાં કાંતો કૌશલ્ય, ઉપલભ્ય ન હોય અથવા જ્યાં કામનો પ્રકાર વિશેષ અને મુદતબંધી હોય, અથવા જેમાં વ્યાવસાયિક પ્રાવિણ્ય જરૂરી હોય અથવા જ્યાં આયોગને પોતાની કામગીરી માટે વહનક્ષમ જણાય અથવા આયોગ તેનાં કાર્યો બજાવી શકે તે માટે જરૂરી હોય તેવી ખાસ પ્રકારની કામગીરી બજાવવા આયોગ વખતો-વખત સલાહકારોની નિમણૂંક કરી શકશે.

★ **આયોગના સચિવ, અધિકારીઓ અને કર્મચારીઓ માટે મુસદ્દારૂપ સેવા વિનિયમો**

★ **વિતરણ પરવાનેદાર માટે મુસદ્દારૂપ કામગીરી ધોરણ**

★ **વિતરણ પરવાનેદાર માટે વીજળી ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા**

## (ચ) ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા અંગે વિનિયમો :

ભારતમાં વીજળી ઉદ્યોગની સ્પર્ધાને ઉત્તેજન એ ૨૦૦૩ ના વીજળી અધિનિયમનો એક મહત્વપૂર્ણ ઉદ્દેશ છે. વીજળી ખરીદી ખર્ચ એ વિતરણ પરવાનેદારો માટે સૌથી મોટું ખર્ચ ઘટક બને છે. વિતરણ પરવાનેદારો દ્વારા વીજળીની સ્પર્ધાત્મક પ્રાપ્યતા, વીજળી પ્રાપ્યતાનું એકંદર ખર્ચ ઘટાડે અને વીજળીનું બજાર વિકસાવવામાં સગવડ કરે તેવી અપેક્ષા છે. વિવિધ સ્ટેકહોલ્ડરો પાસેથી ટીકા-ટિપ્પણ/ સૂચના મંગાવવા માટે આયોગની વેબસાઈટ પર મુસદ્દારૂપ વિનિયમ રજૂ કર્યા છે.

## (છ) રાજ્ય સરકારને સલાહ :

તા. ૨૫-૬-૨૦૦૪ ના પ્રશુલ્ક આદેશ નં. ૨૯૨/૨૦૦૩ માં સરકારને ભલામણો

(૧) ગુજરાત સરકારે, ગુ.વિ.બોર્ડને (તેમના ઉત્તરાધિકારી સહિત) સહાયકી પેટે ભરપાઈ કરવા નક્કી કરેલી રકમ, માસિક ધોરણે કે ત્રિમાસિક ધોરણે અગાઉથી પૂરતા પ્રમાણમાં અને સમયસર રોકડમાં ચૂકવવી.

(૨) લગભગ બધા ગ્રાહકોએ રજૂઆત કરી છે કે, દેશમાં ગુજરાત રાજ્યમાં પ્રશુલ્ક દર સૌથી ઊંચો છે તે અંશતઃ વીજળીની કિંમત પ્રમાણે વેરાને કારણે છે. આયોગના ૧૦ મી ઓક્ટોબર, ૨૦૦૦ ના આગલા હુકમમાં આયોગે સૂચવ્યું હતું કે , સરકાર, વીજળી વેરાના માળખાની સમીક્ષા કરીને તેનું સુયોજન કરે, જેથી વેરાનો દર વાજબી, સ્થિર અને આગાહીપાત્ર બની શકે. આ હુકમ બાદ, સરકારે વીજળીના વેચાણ પરનો વેરો નાબૂદ કર્યો હતો અને વીજળી વેરામાં થોડોક ઘટાડો કરવા પગલાં લીધાં હતાં. આયોગ, આ પ્રક્રિયા આગળ વધારવા સરકારને સૂચવવાનું ઉચિત ગણશે.

## (જ) તકરારો અને મતભેદોનો ન્યાય-નિર્ણય

### ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ-ઓમ્બુડ્સમેન

ગ્રાહકોની ફરિયાદના યોગ્ય નિવારણ માટેની જરૂરિયાત પારખીને ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) અન્વયે ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટેનું ફોરમ સ્થાપવાનું વિતરણ પરવાનેદાર માટે જરૂરી બનાવ્યું હતું. આ ઉપરાંત ફોરમના નિર્ણય સામે અપીલ કરવા ઓમ્બડ્સમેનની કચેરીની સ્થાપના માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. ગ્રાહકની ફરિયાદોના નિવારણ માટે વિતરણ પરવાનેદારે સ્થાયેલ ફોરમો ઉપરાંતના આ ફોરમો વધારાના માર્ગો છે.

આવશ્યકતા પ્રમાણે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે આ અંગે વિનિયમો જાહેર કર્યા છે અને આ વિનિયમો અનુસાર રાજ્યમાં કામ કરતાં છ વિતરણ પરવાનેદારોએ ગ્રાહક ફરિયાદ માટે ફોરમની સ્થાપના કરી છે. આયોગ ફોરમોના ત્રિમાસિક અહેવાલોની સમીક્ષા કરીને આવા ફોરમોની કામગીરીનું દેખરેખ-નિયંત્રણ રાખે છે. આયોગે ઓમ્બડ્સમેનનીકચેરીની સ્થાપના કરેલ છે.

**આયોગના ન્યાય-નિર્ણય આપનાર અધિકારીના આદેશ સામે અપીલ**

વીજળી અધિનિયમમાં આયોગના હુકમો સામેની અપીલની સુનાવણી માટે અપીલ-પંચની જોગવાઈકરી છે. અપીલ-પંચના કોઈપણ ચુકાદાને ફક્ત સુપ્રિમ કોર્ટમાં જ પડકારી શકાય છે.

## (ઝ) આયોગ દ્વારા કરાતાં બીજા કાર્યો :

**પરિસંવાદ / પરિષદ :**

આયોગના અધ્યક્ષ, સભ્યો, સચિવ અને સ્ટાફ હાજર રહ્યાં હોય તેવા પરિસંવાદ અને પરિષદોની વિગતો કોઠા નં. ૬ માં આપી છે.

**કોઠા - ૦૬ હાજરી આપેલ પરિસંવાદ / પરિષદ**

| તાલીમની વિગત | તારીખ | ....એ હાજરી આપી |
|---|---|---|
| સી.આઈ.આઈ.દ્વારા "૨૦૦૩ના વીજળી અધિનિયમ-વર્ષ બાદ" | ૩૦ જૂન, ૨૦૦૪ | શ્રી જી.સુબ્બારાવ, અધ્યક્ષ |
| નિયંત્રકો અને નીતિના ઘડાનારની રિટ્રીટ : પાવર સ્ટોર્મ-૩, ૨૦૦૪ | ૧૬ થી ૧૮ જુલાઈ, ૨૦૦૪ | શ્રી જી. સુબ્બારાવ, અધ્યક્ષ |
| ગેસનું અર્થશાસ્ત્ર : વીજળી પરિયોજનાઓની અસર, નવી દિલ્હી. | ૨ સપ્ટેમ્બર, ૨૦૦૪ | શ્રી જી. સુબ્બારાવ, અધ્યક્ષ |
| ભારતમાં વીજળીનું બજાર અને વિકસિત બજાર દ્વારા શિક્ષણ, નવી દિલ્હી | ૧ અને ૨ માર્ચ, ૨૦૦૫ | શ્રી બી.પી.કુંડલિયા (નાયબ નિયામક) |
| કર્મયોગી પરિસંવાદ, સ્પીપા, અમદાવાદ. | ઓગષ્ટ, ૨૦૦૪ | ૧. સચિવ<br>૨. નાયબ નિયામક (વહીવટી અને હિસાબ) |

**તાલીમ / વિનિયમ કાર્યક્રમો :**

જેમાં આયોગના અધ્યક્ષ, સભ્યો, સચિવ, અને સ્ટાફે હાજરી આપી હતી. તે તાલીમ અને વિનિયમ કાર્યક્રમોની વિગતો કોઠા નં. ૭ માં આપી છે.

**કોઠા - ૦૭ તાલીમમાં હાજરી આપી**

| તાલીમની વિગત | તારીખ | ....એ હાજરી આપી |
|---|---|---|
| બેંગ્લોરમાં ટેરી (TERI) ખાતે વીજળી વિતરણ વ્યવસાયિકો માટે તાલીમ કાર્યક્રમ | ૧૮ થી ૨૦ ઓગષ્ટ ૨૦૦૪ | શ્રી આર.એચ. શાહ (નાયબ નિયામક) |
| વીજળી, વીજ-લાઈનમાં માહિતી ટેકનોલોજી, નવી દિલ્હી | ૨૨ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૦૪ | શ્રી રાજુ પરમાર (એક્ઝીક્યુટીવ) |
| એનર્જી માટે સીનર્જી-ઊર્જા સંરક્ષણ, સાકેત, અમદાવાદ. | ૧૫ થી ૧૬ ઓક્ટોબર ૨૦૦૪ | ૧. શ્રી ડી.આર.પરમાર (નાયબ નિયામક)<br>૨. શ્રી આર.એચ. શાહ (નાયબ નિયામક) |
| પ્રવાહન અને વિતરણમાં ખુલ્લો પ્રવેશ-પ્રશ્નો અને પડકારો. ઈએસસીઆઈ, હૈદ્રાબાદ | ૧૫ થી ૧૭ માર્ચ, ૨૦૦૫ | શ્રી ડી.આર. પરમાર (નાયબ નિયામક) |

## આયોગની વિદેશ મુલાકાત :

આયોગે તા. ૭ થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૦૫ દરમ્યાન વિનિયમ કાર્યક્રમ હેઠળ પબ્લિક યુટિલિટી કમિશન ઓફ ઓહિયો ( PUCO ), ઓહિયોની મુલાકાત લીધી હતી. યુ.એસ.એની નેશનલ રેગ્યુલેટરી રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ ( NRRI ) દ્વારા આયોજિત ઓહિયો રાજ્યની યુનિવર્સીટી ખાતેના પરિસંવાદમાં આયોગે હાજરી આપી હતી. આયોગે, મુલાકાત, દરમ્યાન બીજા બે આયોગો સાથે નિયંત્રક વિસ્તારમાં પ્રવર્તમાન વિકાસ અંગે પણ વિચાર-વિનિયમ કર્યો હતો.

## ભારતીય નિયંત્રકોના ફોરમની (ફોયર) બેઠકો - આયોગની મુલાકાત :

ભારીતીય નિયંત્રકોનું ફોરમ ( FOIR ) રાજ્ય/ કેન્દ્રીય વિદ્યુત નિયંત્રકોનું ફોરમ છે. જ્યાં નિયંત્રક પાસાં અંગે વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ફોરમની બેઠકમાં સક્રિય સહયોગી છે અને તેણે નિયંત્રક સિધ્ધાંતોને દર્શાવતા વિવિધ પ્રશ્નો ધ્યાન પર આણ્યા છે. વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન ફોરમે બે મીટીંગો ભરી હતી , જેની વિગતો કોઠા-૮માં નીચે દર્શાવી છે.

### કોઠા - ૦૮ ફોયર (FOIR) તા ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૫

| ફોયર ની વિગત | તારીખ | ....એ હાજરી આપી |
|---|---|---|
| નવી દિલ્હી ખાતે ફોયરની ૫ મી બેઠક | તા. ૨૮-૬-૨૦૦૪ | શ્રી જી. સુબ્બારાવ , અધ્યક્ષ<br>શ્રી કે.પી. ગુપ્તા , સભ્ય (F) |
| ઝારખંડમાં રાંચી ખાતે ૧૬ મી વાર્ષિક સામાન્ય સભા | તા. ૨-૧૨-૦૪ થી<br>તા. ૩૧-૧૨-૦૪<br>વચ્ચે | શ્રી કે.પી.ગુપ્તા , સભ્ય (F)<br>શ્રી મનમોહન , સભ્ય (T) |
| લખનૌમાં અવધ ખાતે ૧૭ મી સામાન્ય સભાની બેઠક | તા. ૧૭-૩-૦૫<br>તા. ૧૮-૩-૦૫<br>સુધી | શ્રી કે.પી.ગુપ્તા , સભ્ય (F)<br>શ્રી મનમોહન , સભ્ય (T)<br>શ્રી પી. એસ. શાહ , સચિવ |

તા. ૧૭ મીની સામાન્ય સભાની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, જુદા જુદા નિયંત્રક આયોગોના સભ્યો સાથેની એક પેટા-સમિતિ રાજ્ય કક્ષાએ પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક દાખલ કરવા અંગેની વિગતો તપાસશે. આ પેટા - સમિતિ એબીટી-પ્રાપ્યતા આધારિત પ્રશુલ્ક અંગે ભલામણો કરશે એમ પણ નક્કી કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં એબીટી દાખલ કરવાની પેટા-સમિતિના સભ્યો પૈકી શ્રી મનમોહન ગુજરાતના એક ટેકનીકલ સભ્ય છે.

## → નિયંત્રકોનું ફોરમ (FOR) :

વીજળી મંત્રાલયના ૧૬ મી ફેબ્રુઆરી, ૨૦૦૫ના જાહેરનામા અન્વયે વીજળી અધિનિયમની કલમ ૧૬૬(૨) અન્વયે નિયંત્રક ફોરમની રચના કરવામાં આવી હતી. નિયંત્રક ફોરમમાં કેન્દ્રીય

આયોગના અધ્યક્ષ અને રાજ્ય આયોગના અધ્યક્ષોનો સમાવેશ કર્યો છે. નિયંત્રક ફોરમ નીચેના કાર્યો બજાવશે :

- ✤ યુટિલિટીની કાર્યક્ષમતા સુધારણા દર્શવતા કેન્દ્રીય વીજ નિયમન પંચ અને રાજ્ય વિજ નિયમન પંચના આદેશો અને અન્ય આદેશોનું પૃથકરણ
- ✤ વીજળી ક્ષેત્રમાં વિનિયમોને સુસંવાદી બનાવવા
- ✤ પરવાનેદારોની કામગીરીનાં ધોરણો ઠરાવવા.
- ✤ સામાન્ય હિત અને અભિગમના વિવિધ પ્રશ્નો અંગે સભ્યોમાં માહિતીની આપલે કરવી.
- ✤ વીજળી ક્ષેત્રના વિનિયમન સાથે સંબંધિત પ્રશ્નો અંગે કચેરીમાં કે આઉટસોર્સીંગ દ્વારા સંશોધન કામ હાથ ધરવું.
- ✤ ગ્રાહકોના હિતના રક્ષણ માટે પગલાં લેવા અને વીજળી ક્ષેત્રમાં કાર્યક્ષમતા, કરકસર અને સ્પર્ધાને ઉતેજન આપવું.
- ✤ કેન્દ્રીય સરકાર તેને વખતો-વખત સોંપે તેવાં બીજાં કાર્યો.

## આયોગ માટે નાણાંકીય જોગવાઈઓ :

આયોગની રચના થઈ ત્યારથી આયોગની ને ભંડોળ પુંરુ પાડવામાં આવ્યું હતું. રાજ્ય સરકારની અંદાજપત્રીય જોગવાઈમાંથી પૂરતા પ્રમાણમાં આયોગે પોતાનું ખર્ચ પહોંચી વળવામાં ક્યારેય કોઈ નાણાંકીય મુશ્કેલી અનુભવી ન હતી.

૨૦૦૩ના વીજળી અધિનિયમની જોગવાઈઓ અનુસાર રાજ્ય સરકારે, વીજળી નિયંત્રક આયોગ ફંડની રચના કરી છે. આયોગે ફી, ફંડ અને ખર્ચ નક્કી કરતા વિનિયમો જાહેર કર્યા છે. આ ઉપર દર્શાવેલા ફંડોના ભાગ બનશે. આ વિનિયમોમાં પરવાનેદારાએ ચુકવવાની વાર્ષિક લાઈસન્સ ફીની જોગવાઈકરી છે. ઉપરાંત આ વિનિયમોમાં આયોગમાં ફાઈલ કરાતી દરેક અરજી (પીટીશન) સાથે ફીની ચુકવણીની જોગવાઈ કરી છે. આ દ્રષ્ટિએ નાણાંની જરૂરિયાત બાબતમાં હવે આયોગ મહદઅંશે સ્વાવલંબી છે.

## રાષ્ટ્રીય વીજળી નીતિ અને મુસદ્દારૂપ પ્રશુલ્ક નીતિ

આયોગનું સંચાલન રાષ્ટ્રીય વીજળી નીતિ અને પ્રશુલ્ક નીતિ અન્વયે કરવાનું છે. રાષ્ટ્રીય વીજળી નીતિ એ કેન્દ્ર સરકારે ઠરાવેલી વિસ્તૃત રૂપરેખા છે. જેમાં વીજળી ક્ષેત્રે સિધ્ધ કરવા અપેક્ષિત લાંબાગાળાના ઉદ્દશોની વ્યાખ્યા કરી છે. વીજળી મંત્રાલયે આ નીતિની જાહેરાત કરી છે. જેના મુખ્ય લક્ષણો નીચે મુજબ દર્શાવ્યા છે :

૧. ૨૦૧૨ સુધીમાં તમામને વીજળી
૨. વ્યાજબી ભાવે વિશ્વસનીય અને ગુણવત્તા યુકત વીજળી પૂરી પાડવી.
૩. ગ્રાહકોના હિતનું રક્ષણ

વીજળી મંત્રાલય પ્રશુલ્ક નીતિ આખરી રીતે નક્કી કરી રહ્યું છે. પ્રથમ સીમાચિન્હ તરીકે તેને સ્ટેક હોલ્ડરમાં મુસદારૂપ પ્રશુલ્ક નીતિ પરિપત્રિત કરી છે. ગુજરાત વિધુત નિયંત્રક આયોગે તેની ટીકા-ટિપ્પણી વીજળી મંત્રાલયને રજૂ કરી છે.

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## ૬ હિસાબોનું વાર્ષિક નાણાંકીય પત્રક

### ૩૧મી માર્ચ ૨૦૦૫ના રોજ મુજબ સરવૈયું

| કોર્પસ/મૂડી ફંડ અને જવાબદારી | રકમ રૂા. | |
|---|---|---|
| | ૨૦૦૪ - ૦૫ | ૨૦૦૩ - ૦૪ |
| કોર્પસ/ગુ.વિ.નિ. આયોગ મૂડી ફંડ | ૧,૫૦,૦૬,૩૩૦.૫૨ | ૧,૮૨,૮૫,૧૫૫.૦૨ |
| અનામત અને પુરાંત | ૦.૦૦ | ૦.૦૦ |
| અંકીત દેણગી ફંડ | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવાળી લોન અને ઉછીનાં નાણાં | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવિનાની લોન અને ઉછીનાં નાણાં | ૦.૦૦ | ૦.૦૦ |
| વિલંબિત ધિરાણ જવાબદારીઓ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ | ૧,૭૫,૯૩૪.૦૦ | ૧,૪૨,૯૨૨.૦૦ |
| **સરવાળો** | **૧,૫૧,૮૨,૨૬૪.૫૨** | **૧,૮૪,૩૧,૦૭૭.૦૨** |
| **અસ્ક્યામતો** | | |
| સ્થાયી અસકયામતો | ૫૬,૯૬,૫૩૬.૨૧ | ૮૨,૪૬,૪૮૪.૨૧ |
| અંક્તિ/દેણગી ફંડોમાંથી મૂડીરોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| મૂડીરોકાણો-અન્ય | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ અસકયામતો, લોન, પેશગીઓ | ૯૪,૮૫,૭૨૮.૩૧ | ૧,૦૧,૮૪,૫૯૨.૮૧ |
| પ્રકીર્ણ ખર્ચ | ૦.૦૦ | ૦.૦૦ |
| **સરવાળો** | **૧,૫૧,૮૨,૨૬૪.૫૨** | **૧,૮૪,૩૧,૦૭૭.૦૨** |

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Library
No.............

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## આવક અને ખર્ચનું પત્રક

## ૩૧મી માર્ચ ૨૦૦૫ને રોજ પૂરા થતાં વર્ષ માટે આવક અને ખર્ચનો હિસાબ

| કોર્પસ/મૂડી ફંડ અને જવાબદારી | રકમ રૂ. | |
|---|---|---|
| | ૨૦૦૪ - ૦૫ | ૨૦૦૩ - ૦૪ |
| વેચાણ/સર્વિસમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| અનુદાન/સહાયકી | ૧,૨૫,૦૦,૦૦૦.૦૦ | ૧,૩૧,૨૫,૦૦૦.૦૦ |
| ફી અને ચાર્જ | ૪૫,૫૩૦.૦૦ | ૮૪,૭૨,૫૫૨.૦૦ |
| મૂડીરોકાણમાંથી આવક (મૂડીરોકાણ અંગે ફંડ ખાતે તબદીલ કરેલ અંકિત/દેણગી ફંડમાંથી આવક) | ૦.૦૦ | ૦.૦૦ |
| રોયલ્ટી, પ્રકાશનો વગેરેમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| પ્રાપ્ત કરેલ વ્યાજ | ૨,૩૩,૫૫૬.૦૦ | ૮૭,૭૪૫.૦૦ |
| અન્ય આવક | ૮૫,૩૨૦.૦૦ | ૦.૦૦ |
| તૈયાર માલના સ્ટોકમાં વધારો/ ઘટાડો અને ચાલુ કામ | ૦.૦૦ | ૦.૦૦ |
| **સરવાળો (ક)** | **૧,૨૮,૬૪,૪૦૬.૦૦** | **૨,૧૬,૮૫,૨૯૭.૦૦** |
| **ખર્ચ** | | |
| મહેકમ ખર્ચ | ૫૩,૮૬,૨૨૧.૫૦ | ૫૯,૧૫,૭૩૦.૦૦ |
| અન્ય વહીવટી ખર્ચ, વગેરે | ૭૮,૪૯,૦૨૫.૦૦ | ૬૨,૪૭,૦૪૬.૦૦ |
| અનુદાન, સહાયકી, વગેરે અંગે ખર્ચ | ૦.૦૦ | ૦.૦૦ |
| વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઘસારો (અનુસૂચિ-૮ને અનુરૂપ વર્ષને અંતે ચોખ્ખો સરવાળો) | ૨૯,૧૦,૯૮૪.૦૦ | ૦.૦૦ |
| **સરવાળો (ખ)** | **૧,૬૧,૪૬,૨૩૦.૫૦** | **૧,૨૧,૬૨,૭૭૬.૦૦** |
| **ખર્ચ અને આવક કરતા વધુ સિલક (ક-ખ)** | **-૩૨,૮૧,૮૨૪.૫૦** | **૯૫,૨૨,૫૨૧.૦૦** |
| ખાસ અનામત ખાતે તબદીલી (દરેક નિર્દિષ્ટ કરવું) | ૦.૦૦ | ૦.૦૦ |
| સામાન્ય અનામત ખાતે/માંથી તબદીલી | ૦.૦૦ | ૦.૦૦ |
| સિલક બાકી જમા રકમ હોઈ સરવૈયામાં તબદીલ કરી | **-૩૨,૮૧,૮૨૪.૫૦** | **૯૫,૨૨,૫૨૧.૦૦** |

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION

तमसो मा ज्योतिर्गमय।

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
ગુજરાત, ભારત.
ફોન : ૯૧-૦૭૯-૨૬૫૮૦૩૫૦
ફેક્સ : ૯૧-૦૭૯-૨૬૫૮૪૫૪૨

email: gerc@gercin.org
Website: www.gercin.org